# કવીતાનો ‘ક’

–સુનીલ શાહ

**.1.**

મળ્યા ઘાવની હું અસર સાચવું છું.
હૃદયમાં બધાની કદર સાચવું છું

છલોછલ થયું છે, આ સ્વપ્નોથી ભીતર,
કેં સપનાં હવે આંખ પર સાચવું છું.

પ્રથમવાર જોયાં હતાં, જે નજરથી,
હૃદયમાં, હજી એ નજર સાચવું છું.

લગાતાર હું છેતરાયો વસંતે,
ને તેથી, સતત પાનખર સાચવું છું.

સનાતન છે આ દર્દ મારું, એ કારણ,
હજી આંસુઓને ભીતર સાચવું છું.

તમે આમ અધવચ ગયા હાથ છોડી,
છતાં, યાદની હું સફર સાચવું છું.

છે, અકબંધ યાદો તમારી સૌ ખુણે,
હું ટહુકા વીનાનું એ ઘર સાચવું છું.

**.2.**

હું ભલે ને આભમાં ઉડવાને અહીં સક્ષમ નથી,
પણ ધરા પર પાંખ ફેલાવી શકું એ કમ નથી.

શ્વાસ પાંખોમાં દબાવી ડાળ પર ઝુલે વીહંગ,
એય જાણે છે, અહીં રહેવાનું તો કાયમ નથી.

મારા નાજુક સ્પર્શથી વીહ્વળ પ્રીયે તું ના થતી,
હું તને તરછોડું, એવી વાતમાં કૈં દમ નથી.

સ્વપ્નની સાથે બનાવી રાખવા દુરી અમે,
પાંપણો રાખી છે ખુલ્લી, એનો કોઈ ગમ નથી.

માત્ર વીસ્તરવું કશાયે કામનું હોતું નથી,
રણ, તું પગલાં સાચવી શકવા હજી સક્ષમ નથી.

**.3.**

પાંપણોની ભીતરે ચોપાસ શોધી રાખજે,
તું ટપકતાં આંસુનો ઈતીહાસ શોધી રાખજે.

સ્નેહનો દરીયો વહે છે આયખાને આંગણે,
પી શકું સઘળું, તું એવી પ્યાસ શોધી રાખજે.

ફુલ ભમરાને લઈ લે બાથમાં, એ રીતે તું,
આપણી વચ્ચે નવો વીશ્વાસ શોધી રાખજે.

સાંજને છેડે ભલે ઢળતો રહે છે સુર્ય, પણ,
જાતમાંથી તું સ્વયં અજવાસ શોધી રાખજે.

લાગણીની ભીની કુંપળ ફુટવા લાગી છે અહીં,
આ હૃદયથી તે હૃદયનો પ્રાસ શોધી રાખજે.

**.4.**

પગલું મુક્યું છે તો રસ્તો થઈ જશે,
માપવાનો ખુદને, મોકો થઈ જશે.

એક બારી હું ઉઘાડું, એક તું,
સામસામે રાહ ખુલ્લો થઈ જશે.

તું પુરાવા પ્રેમના માંગીશ ના,
સ્પર્શ કેવળ કર, ભરોસો થઈ જશે

ડાળ તુટી, વૃક્ષને ધ્રાસ્કો પડ્યો,
છાંયડો કોઈને ઓછો થઈ જશે.

તું વહે છે, તો વહ્યા કરજે સતત,
ભીતરી મૃગજળનો દરીયો થઈ જશે.

**.5.**

દીલાસો આપવાનું આખરે ચુકી જવાયું છે,
હ્રદયને ઠારવાનું આખરે ચુકી જવાયું છે.

તને, લે દોરવા બેઠો અહીં હું મુજ અહમ્ લઈને,
હતું જે ત્યાગવાનું આખરે ચુકી જવાયું છે.

બીજાને જાણવામાં જીન્દગી આખી ગઈ છે દોસ્ત,
ને ખુદને જાણવાનું આખરે ચુકી જવાયું છે.

તેં ફેલાવ્યો પ્રણયનો હાથ પણ; સમજી શક્યો ના હું,
હથેળી ચુમવાનું આખરે ચુકી જવાયું છે.

વહે છે ગુંગળાઈને હજીયે બંધનોનાં નીર,
કીનારા તોડવાનું આખરે ચુકી જવાયું છે.

જઈ પાલવ સુધી એના, પવન ભીનો થયો છે આજ,
એ આંસુ રોકવાનું આખરે ચુકી જવાયું છે.

**.6.**

મૌનની ઈમારતો નીચે દબાયું છે કશું,
હચમચાવી નાંખશે પાયા, ઘવાયું છે કશું.

આંગણે લ્યો, સાથીયા પુરી અમે બેઠા છીએ,
તોય દીવા જેવું તારાથી લવાયું છે કશું ?

આજ સુક્કીભઠ્ઠ ડાળીઓ મને પુછી ગઈ,
મુળ ને જળની વચાળે ખોરવાયું છે કશું ?

હું સતત શોધી રહ્યો છું ફુલમાં તુજને પ્રીયે,
મ્હેંકના આ મ્હેલની અંદર છુપાયું છે કશું.

તું મળી જો જાય તો વરસાદનું શું કામ છે ?
આપણે ભીંજાઈશું અહીં, ક્યાં પરાયું છે કશું ?

પ્રેમ છે કે છે પ્રવાહી, જાણ એ ન્હોતી 'સુનીલ',
હોઠ પર લઈ હોઠ એના, પી જવાયું છે કશું.

## .7.

આંખમાં જળ જ્યાં સમાયું,
ત્યાં સરોવર ઓળખાયું.

શ્વાસ સાથે શું ભરાયું ?
કે હ્રદય પણ દોરવાયું !

એ સમંદર થઈ ગઈ પણ,
મોજું તારાથી થવાયું ?

હું સમેટી બેઠો ખુદને,
કે તમસ ભીતર છવાયું.

છે અકળ પોલાણ ભીતર,
કોઈથીયે ક્યાં ભરાયું ?

આ જીવન મૃગજળ સમું છે,
તોય લે, ખાસ્સું જીવાયું !

## .8.

એના જવાથી રોજની પીડા થતી રહી,
એની હયાતીની જ્યાં ઉપેક્ષા થતી રહી.

ચાતક જુએ છે જેમ અહીં ખાલી વાદળાં,
દરરોજ એમ એની પ્રતીક્ષા થતી રહી.

ફુલાય છે આ માટી, લઈ માટલાનું રુપ,
જળ જ્યાં ભરાયું એની પરીક્ષા થતી રહી.

આંખો ક્ષીતીજને જોઈ રહી એ જ શોધવા,
કે ચાંદ પુર્ણ ઉગે એ ઈચ્છા થતી રહી.

કંડારતો ગયો છું હું કેડી નવી નવી,
પગલાંની તોય કેમ ઉપેક્ષા થતી રહી ?

**.9.**

વૃક્ષની આજે નીયત શાને તપાસો,
કે, તમે તડકે ધરી જોયો છે વાંસો ?

મેઘની આવી રહી છે લ્યો સવારી,
વીજરુપે મોકલે છે આભ જાસો.

આ તીરાડો ભીંતની કે ભીતરી છે ?
પોપડા ખરતાં પહેલાં એ ચકાસો.

ભાગ્યને મારા ચકાસી લઉં સતત હું,
રોજ એની બાજુ ફેંકું એક પાસો.

એકથી બીજા સુધી પ્હોંચી શક્યા નહીં,
દોસ્ત, કોને કોણ દે એનો ખુલાસો ?

છત જવાની રોજ બનતી હોય ઘટના,
પણ તમે ત્યાં જઈને દીધો છે દીલાસો ?

**.10.**

દીશા સાચી હતી તેથી કીનારો મેળવી લીધો,
નહીંતર માર્ગ દરીયાનો, કદી ક્યાં હોય છે સીધો !

હશે એને બધાં ફુલો ઉપર વીશ્વાસ અઢળક કે,
ન પુછી જાત કોઈ ફુલની, ને માત્ર રસ પીધો !

હકીકત એ જ છે કે કૌરવો સામે મળે છે રોજ,
છતાં હસ્તો ચહેરો રાખવાનો દંભ મેં કીધો !

નથી ફરીયાદ હું અંધારની એને કદી કરતો,
કે જેણે રાત દીધી છે, દીવસ એણે જ તો દીધો !

બીલાડી રોજ આડી આવશે એ વાત છે નક્કી,
તમે રસ્તો ન બદલો બસ, ઈરાદો રાખજો સીધો.

**અછાંદસ:**

એ કળાને તો,
માણસે ક્યારનીયે
આત્મસાત્ કરી લીધી છે,
હવે,
એકાધીકાર
ખતમ થઈ ગયો છે,
કાચીંડાનો..
રંગ બદલવાનો..!

* સુનીલ શાહ *

કવીસંપર્ક:
N–101, ન્યુઝ એવન્યુ ઍપાર્ટમૅન્ટ, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત- 395 009
ફોન: 0261-273 2226 મોબાઈલ: 94268 91670
ઈ–મેઈલ: sunilshah101@gmail.com કવીનો બ્લોગ: http://sunilshah.wordpress.com

(‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલ–અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com)નો ખુબ ખુબ આભાર...ઉત્તમ ગજ્જર)

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: પાંચમું – અંક: 182 – January 03, 2010

‘ઉંઝાજોડણી’માં અને ‘શ્રુતી’ ફોન્ટમાં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

&&&&&